# કનકની જાળી

**– કથાનાટય ગ્રથમાળામાથી**

સાધુ કનકદાસ અત્યજ હતા. કનકદાસ જાત્રાએ નીકળ્યા. કાશી, મથુરા, વૃદાવન, પચવટી એમ ફરતા ફરતા દક્ષિણમા આવ્યા. એક મોટુ જાત્રાન ધામ આવ્યુ મોટુ મદિર, હજારો પૂજારીઓ, લાખ્ખો જાત્રાળુઓ. માણસનો પાર નહિ. કનકદાસ તો રાધાકૃષ્ણ, રાધાકૃષ્ણ !' કરતા દર્શન ચાલ્યા, ત્યા બ્રાહ્મણોની નજર ગઈ. ''કનકદાસ ! તમે બહાર ઊભા રહો, તમે અત્યજ છો.''

''પણ અહીંથી દર્શન કેમ થાય ?''

''દર્શન ન થાય તો કૂવામા પડ, પણ કાઈ દેવને અભડાવાય ?''

''અરે કાઈ દેવ તે અભડાતા હશે ?''

''અભડાય કે ન અભડાય, પણ જો તુ અદર આવ્યો તો મૂઓ સમજજે.''

કનકદાસ પાછા વળ્યા. મદિરની પાછળ ગયા. પ્રભુનુ ધ્યાન ધર્યું. આખોમાથી આસુ ખરવા માડયા, પ્રભુદર્શન વગર જીવ મૂઝાવા માડયો.

ત્યા તો મદિરમા કૌતુક થયુ. મૂર્તિનુ મોઢ ફરી ગયુ. લોકોના ટોળા હેબક ખાઈ ગયા. ''આ શુ ?'' બ્રાહ્મણો દોડાદોડ કરવા માડયા. મહત વાદિરાજને ખબર પડી. વાદિરાજ મહા પવિત્ર સાધુ. કનકદાસને બરાબર ઓળખે. બ્રાહ્મણાને બોલાવ્યા ને પૂછય : ''તમે સાધુ કનકદાસને દૂભવ્યા તો નથી ને ?''



બ્રાહ્મણો નીચુ જોઈ ગયા. મહત વાદિરાજ મદિર પાછળ ગયા. જુએ તો ભક્તરાજ ભક્તિમા લીન થઈ ગયા છે, પ્રભુ સાથે એકતાર થઈ ગયા છે. વાદિરાજ પગે પડયા, માફી માગી, પણ મૂર્તિનુ મોઢ તો એમનુ એમ રહ્યુ. મદિરની પાછળ જાળી કરાવી. આજે પણ એ કનકની જાળી કહેવાય છે.

■